# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC "A" (3.02) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ–૩૮૪૨૬૫ (ઉ.ગુ.)


## એમ.ફીલ. પ્રવેશ પરીક્ષા માટેની સૂચનાઓ

> એમ.ફીલ. કોર્ષ ૨૦૧૯ માટે જે તે વિષયમાં જે તે કેટેગરીમાં જે જગ્યાઓ ખાલી છે તેની યાદી યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

> જે તે વિષયમાં કુલ જગ્યાના આધારે ૫% સીટ અન્ય યુનિવર્સિટીમાંથી કવોલીફાઈગ પરીક્ષા (પી.જી. પરીક્ષાઓ) પાસ કરેલ વિદ્યાર્થી માટે અનામત છે જયારે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી કવોલીફાઈગ પરીક્ષા પાસ કરેલ હોય તેમને બાકીની ૯૫% સીટ મળવાપાત્ર થશે.

> અન્ય યુનિવર્સિટીમાંથી કવોલીફાઈ પરીક્ષા પાસ કરેલ હોય અને જે તે વિષયમાં ( Ph.D.,GSET,NET,UGC,JRF ) વિગેરે પરીક્ષા પસાર કરેલ હોય તેઓને પ્રવેશ પરીક્ષામાંથી મુકિત મળવા પાત્ર નથી. તેઓએ પ્રવેશ પરીક્ષા આપવી ફરજીયાત છે.

> કુલ ઉપલબ્ધ જગ્યામાંથી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી કવોલીફાઈગ પી.જી.પરીક્ષા નિયત ટકાવારી સાથે પસાર કરેલ હોય તેમાંથી ૯૫% સીટ પ્રમાણે ભરવામાં આવશે.

1) ૯૫%ના ૪૫% સીટ કે જેમણે UGC-NET/SLET/Ph.D./CSIR(JRF) પાસ કરેલ છે તેવા તમામ વિદ્યાર્થીઓ કે જેમને એમ.ફીલ. પ્રવેશ પરીક્ષામાંથી મુકિત આપેલ છે તેમાંથી ભરાશે.
2) ૯૫%ના ૫૫% સીટ કે જે માત્ર પ્રવેશ પરીક્ષા આપેલ વિદ્યાર્થીઓમાંથી ભરવામાં આવશે. રાજય સરકારના અનામત ધોરણો ધ્યાને લઈને સીટની ફાળવણીની માહિતી યુનિવર્સિટી વેબસાઈટ ઉપર મૂકેલ છે જેનો અભ્યાસ કર્યા પછી દરેક વિદ્યાર્થીઓ પોતાનું પ્રવેશ ફોર્મ ભરવું. ઉપરોકત કોઈ એક ભાગમાં ખાલી રહેલ જગ્યા અન્ય ભાગમાંથી મેરીટના ધોરણે ભરવામાં આવશે.

> જે તે વિષયમાં જે તે કેટેગરીમાં કોઈ જગ્યા ખાલી ન હોય તો તે કેટેગરી અને વિષયમાં ( ખાલી જગ્યા નુ પત્રક જોવુ ) વિદ્યાર્થીનું પોતાનું ફોર્મ ભરવું નહિ.

> આ સમગ્ર કોર્ષ માટે મેરીટ નીચે પ્રમાણે તૈયાર કરવામાં આવશે.

1) જે વિદ્યાર્થીઓએ પ્રવેશ પરીક્ષા મુકિત મળેલ છે તેવાં વિદ્યાર્થીઓને ૩૦ ગુણના VIVA VOCE માંથી જે ગુણ મેળવશે તેના આધારે જે તે વિષય / કેટેગરીમાંમેરીટ લીસ્ટ બનશે. કુલ ૩૦ ગુણમાંથી મેરીટ બનશે.
2) જે વિદ્યાર્થીઓને પ્રવેશ પરીક્ષામાંથી મુકિત મળેલ નથી તેવા વિદ્યાર્થીઓએ પ્રવેશ પરીક્ષામાં જેટલા ગુણ મેળવલ હશે તેના ૭૦% તથા ૩૦ ગુણ VIVA VOCEના કુલ મળીને ૧૦૦ ગુણના આધારે જે તે કેટેગરી / વિષયમાં મેરીટ લીસ્ટ બનશે.
3) અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પરીક્ષામાં મેળવેલ ગુણના ૭૦% તથા ૩૦ ગુણ VIVA VOCEના કુલ મળીને ૧૦૦ ગુણમા જે તે વિષય / કેટેગરીમાં ઉપલબ્ધ સીટના આધારે બનશે.

> જે ૩૦ ગુણનો VIVA VOCE છે તે માટે ગુણનું વિભાજન આ પ્રમાણે રહેશે.બેચલર ડીગ્રીમાં મેળવેલ ગુણના ૫% ગુણ માસ્ટર ડીગ્રી મેળવેલ ગુણના ૫% ગુણ , ૨૦ – ગુણ ઈન્ટરવ્યું / VIVA VOCE ના રહેશે.

> Qualifying Exam અન્ય યુનિવર્સિટીમાં પાસ કરેલ હોય અને જેઓ પાટણ,બનાસકાંઠા,સાબરકાંઠા,અરવલ્લી અને મહેસાણા જીલ્લાના મૂળવતની હોય અને HNGU કેટેગરીમાં પ્રવેશ લેવા ઈરછતા હોય તેઓએ જે તે જીલ્લાના મૂળ વતની છે તે મતલબનું ડોમીસાઈલ (અધિનિવાસ) પ્રમાણપત્ર પ્રવેશ ફોર્મ સાથે ફરજીયાત જોડવું જરૂરી છે. જો પ્રમાણપત્ર જોડેલ નહી હોયતો તેમને HNGU કેટેગરીનો લાભ મળવાપાત્ર થશે નહી જે બાબત ધ્યાનેલેવી.